પરિપત્ર ક્રમાંક :૫૧૮/૨૦૧૭ તારીખ: ૨૮/૬/૨૦૧૭

# સામૂહિક ભરતી પ્રક્રિયામાં જોડાવવા માંગતી કોલેજો માટે પરિપત્ર

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંક ૧૧૯/૨૦૧૭ પત્ર નં.એકે/માન્યતા/૩૩૭૭/૨૦૧૭ તા. ૨૨/૫/૨૦૧૭ અન્વયે યુનિવર્સિટી સંલગ્ન સેલ્ફ ફાયનાન્સ કોલેજમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી બાબતે સેલ્ફ ફાયનાન્સ કોલેજોને યુનિવર્સિટી ધ્વારા આયોજન કરવામાં આવેલ મધ્યસ્થ ભરતી પ્રક્રિયામાં સમેલ થવા માટેનું સમંતિ પત્રક અને જરૂરી ભરવાની થતી સ્ટાફની વિગતોની માહિતી મંગાવવામાં આવેલ . જે કોલેજોએ સમંતિ દર્શાવેલ અને શૈક્ષણિક સ્ટાફની વિગતો મોકલી આપેલ તે તમામ વિગતો સાથેની માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.ngu.ac.in પર મૂકવામાં આવેલ છે.

આર્ટસ,કોમર્સ,સાયન્સ,બી.બી.એ.,બી.સી.એ.,પી.જી.ડી.સી.એ.,નર્સિંગ,બી.એડ.,એમ.એડ.,બી.એસ.ડબલ્યુ., એમ.એસ.ડબલ્યુ.,ફીઝીઓથેરાપી અને એમ.એસ.સી.સી.એ. એન્ડ આઈ.ટી.,....વગેરે સેલ્ફ ફાયનાન્સ કોલેજો માટે વિષયો તથા ડીવીઝન આધારીત નિર્ધારીત કરવામાં આવેલ ટીચીંગ સ્ટાફ / નોનટીચીંગ સ્ટાફની વિગતો યુનિવર્સિટી ના એકેડેમીક વિભાગમાંથી મેળવી લેવાની રહેશે. દરેક સેલ્ફ ફાયનાન્સ કોલેજોએ યુનિવર્સિટી,રાજય સરકાર, યુ.જી.સી. કે લાગુ પડતી કાઉન્સીલ નર્સિંગ,લો, AICTE ... વગેરેના પ્રવર્તમાન નિયમોનુસારની સ્ટાફની ભરતી કરવાની રહેશે. નવી જોડાણવાળી કોલેજોએ પ્રથમ વર્ષ માટે ટીચીંગ સ્ટાફ/ નોનટીચીંગ સ્ટાફની ભરતી કર્યાબાદ જ વિધાર્થીઓનું રજીસ્ટ્રેશન કરાવી શકશે જે ધ્યાને લેશો.

આથી દરેક કોલેજોને વિદીત કરવામાં આવે છે કે કોલેજે પોતે મોકલેલ માહિતી અને યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવેલ કોલેજની પોતાની માહિતી ચકાસી લેવી તથા જરૂરીયાત મુજબના ટીચીંગ સ્ટાફની વિગતોને ધ્યાને લઈ જો તેમાં ફેરફાર જણાય અથવા શૈક્ષણિક સ્ટાફની ભરતી પ્રક્રિયામાં ડીવીઝન તથા વિષયોને ધ્યાને લઈ વધઘટ કરાવવા માંગતા હોય તો સામેલ પત્રકમાં સુધારેલ વિગતો ભરીને તા.૦૪/૭/૨૦૧૭ સુધીમાં E-MAIL: hngu.interview@gmail.com પર E-MAIL ફરજીયાત કરવાનો રહેશે. તથા તેની હાર્ડ કોપીમાં પ્રિન્સીપાલના સહી સિકકા કરાવીને તા. ૦૪/૭/૨૦૧૭ સુધીમાં મોકલી આપવાની રહેશે.

જે કોલેજો ભરતી પ્રક્રિયામાં ભાગ લેવા માંગતી હોય પરતું અગાઉ સમંતિ પત્રક કે સ્ટાફ માહિતી મોકલેલ ન હોય તો તેવી કોલેજોએ પણ સામેલ પત્રકમાં માહિતી ભરીને પ્રિન્સીપાલના સહી સિકકા કરાવીને તા.૦૪/૭/૨૦૧૭ સુધીમાં ગણિતશાસ્ત્ર વિભાગને હાર્ડ કોપીમાં મોકલી આપવાની રહેશે તથા તેની એક કોપી E-MAIL : hngu.interview@gmail.com પર E-MAIL ફરજીયાત કરવાનો રહેશે.

સામૂહિક ઈન્ટરવ્યુની ભરતી પ્રક્રિયા ટૂંક સમયમાં યુનિવર્સિટી ખાતે હાથ ધરવામાં આવશે.જેની સ્થળ સમય વિગેરેની તમામ માહિતી નકકી થયેથી E-MAIL ધ્વારા જાણ કરવામાં આવશે. વેબસાઈટ જોતા રહેવું, અખબારમાં જાહેરાત આવશે.

સામૂહિક ઈન્ટરવ્યુમાં ભાગ લેવા માંગતી તમામ કોલેજોએ યુનિવર્સિટી ધ્વારા નિર્ધારીત કરવામાં આવેલ પ્રોસેસીંગ તથા વહીવટી માટે ફી ઓનલાઈનથી જ બેંકના એકાઉન્ટમાં નિયત સમય મર્યાદામાં ભરવાની રહેશે. તમામ કોલેજોએ ભરવાની થતી ઓનલાઈન ફી ની વિગતો તથા online Payment linkની માહિતી હવે પછીથી યુનિવર્સિટી ની વેબસાઈટ પર મૂકવામાં આવશે તથા લાગુ પડતી કોલેજોને E-MAIL ધ્વારા પણ જણાવવામાં આવશે.

DR. M.B.PRAJAPATI
( Convener interview cell)
Prof.& Head Department of mathematics, HNGU,PATAN